શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપક

વર્ષ : ૨૧
અંક : ૯

## પોષાય તેવી અને સ્વચ્છ ઉર્જા

તમામને પોષાય તેવી, આધારભૂત, સાતત્યપૂર્ણ અને આધુનિક ઉર્જા સુધીની પહોંચ સુનિશ્ચિત કરવી.

૭.૧ વર્ષ ૨૦૩૦ સુધીમાં, પોષાય તેવી, આધારભૂત અને આધુનિક ઉર્જા સેવાઓ સુધી વૈશ્વિક પહોંચ પૂરી પાડવી.

૭.૨ વર્ષ ૨૦૩૦ સુધીમાં, વૈશ્વિક ઉર્જા મિશ્રણમાં પુનઃપ્રાપ્ત ઉર્જાના હિસ્સાને નોંધપાત્ર સ્તરે વધારવો.

૭.૩ વર્ષ ૨૦૩૦ સુધીમાં, ઉર્જા કુશળતામાં સુધારાના વૈશ્વિક દરને બમણો કરવો.

૭.૪ વર્ષ ૨૦૩૦ સુધીમાં, પુનઃપ્રાપ્ય ઉર્જા, ઉર્જાની અછત અને આધુનિક તથા સ્વસ્થ અશ્મિભૂત–ઈંધણ ટેકનોલોજી સહિતની સ્વસ્થ ઉર્જા સંશોધન અને ટેકનોલોજી સુધી પહોંચને લાગુ કરવા આંતરરાષ્ટ્રીય સહકારને વધારવો અને ઉર્જા માળખા તથા સ્વસ્થ ઉર્જા ટેકનોલોજીમાં નિવેશને પ્રોત્સાહન કરવું.

૭.૫ વર્ષ ૨૦૩૦ સુધીમાં, વિકાસશીલ દેશો, ખાસ કરીને અલ્પવિકસિત રાષ્ટ્રો, નાના ટાપુના વિકાસશીલ રાજયો અને જમીનથી ઘેરાયેલા વિકાસશીલ રાષ્ટ્રોમાં તમામ માટે આધુનિક અને સાતત્યપૂર્ણ ઉર્જા સેવાઓ પૂરી પાડવા માટે તેમના સંલગ્ન સહાય કાર્યક્રમોના અનુસરણમાં માળખાનો વિસ્તાર કરવો અને ટેકનોલોજીમાં સુધારણા કરવી.

સંદર્ભ : સાતત્યપૂર્ણ વિકાસના ધ્યેયો

**પ્રિય વાચક મિત્રો,**

ટપક તેમજ સંસ્થાકીય પ્રવૃતિઓ માટે આપ સહયોગ રાશી મોકલી શકો છો. આ રકમ ચેક અથવા ડ્રાફ્ટથી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના નામે મોકલવા વિનંતી છે.આપની આસપાણ બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો. આ પ્રવૃતિઓ માટે નાણાકીય સહયોગ કરી શકો છો અને નાણાકીય સહયોગ ઓનલાઈન પણ કરી શકો છો તે માટે સંસ્થાની ઓનલાઈન વેબસાઈટ https://sskkamreli.org/ પર જવા વિનંતી છે.

હળવા હોય છે એ જ મળવા જેવા હોય છે.

## સંસ્કાર સિંચન

એક શહેર હતું. તે શહેરમાં છગન અને મગન નામના બે બાળકો રહેતાં હતા. તે બંને પાકા ભેરૂબંધ હતા. આ બંને ભેરૂબંધમાં છગન ભારે ખેપાની હતો અને મગન પ્રામાણિક છોકરો હતો. છગનના પિતા એક ઉચ્ચ સરકારી અધિકારી હતા. કરપ્શનના રૂપિયા ઘણા ભેગા કર્યા હતા. મગનના પિતા ગરીબ હતા. તે છૂટક મજુરી કરતાં હતા. છગન તેના પિતાના પૈસા વાપરીને લીલા લહેર કરે અને મગનના પિતા ગરીબ એટલે મગનને પૈસા વાપરવા ન મળે. મગનના પિતા મજુરી કરે છે. આમ, છગનની જેમ પૈસા ન વેડફાય તેવું સમજતો હતો. છગનની માતા તેને કામ ચિંધતા તો છગન કહેતો કે, મમ્મી તું મને રૂપિયા આપીશ તો કામ કરી દઉં. તેના મમ્મી પૈસા આપીને લાંચ લેવાના અને માંગવાના બીજ બાળપણમાં રોપી દીધા.છગન અને મગન બંને મોટા થવા લાગ્યા. છગન અનિતિને રસ્તે પૈસા ઉડાડવા લાગ્યો એટલે મગને તેની મિત્રતા છોડી દીધી.મગનના પિતા મજુરી કરતાં એક દિવસ બિમાર પડયા અને પિતાની સારવારમાં કરજ થઈ ગયું. પિતાની સારવાર કારગત ન નિવડતા મૃત્યૃ પામ્યા. મગન અને તેના મમ્મીને ઉંડો આઘાત લાગ્યો. ઘરમાં કંઈપણ ન હોવાથી તે બીજાના ઘરકામ કરવા લાગી અને ઘરનું ગુજરાન ચલાવવા લાગી. તે પણ એક દિવસ બિમાર પડી અને સરકારી હોસ્પિટલમાં દાખલ કરવી પડી. દવા આપીને ડોકટરે કહ્યું કે, ભૂખ્યાં પેટે દવા ન લેશો. મગનના ઘરમાં અનાજનો દાણો તો હતો નહીં તેમાં તે મુંઝાણો હતો. તેની માતાએ તેના સંસ્કારનું સિંચન કર્યુ હતું કે, દીકરા કોઈ દિવસ મફતનું ખાવું નહી અને મફતનું લેવું નહીં. બચપણમાં નિતિમતાના પાઠ ભણાવ્યા હતા. હવે શું કરવું તેવી વિસામણમાં હતો. મગન ઉભો થયો ને એક બંગલા પાસે આવી દરવાજો ખટખટાવા લાગ્યો. ત્યારે ઘરમાંથી સ્ત્રીએ આવી પૂછયું, શું કામ છે. ત્યારે મગન બે હાથ જોડીને દયનીય ભાષામાં બોલ્યો, પ્લીઝ માસી હું તમારા ઘરની સાફસફાઈ કરી દઉં. ત્યારે તે સ્ત્રીએ કહ્યું કે, ના અમારે નથી કરાવવું. મગન દયનીય ભાષામાં બોલ્યો, પ્લીઝ માસી કરાવી લો ને. હું તમારું ઘર સરસ સાફ કરી દઈશ. એટલે સ્ત્રીને દયા આવી ગઈને પૂછયું: કે સારું તું શું લઈશ? મગન કહે, માસી ઘરકામના પૈસા નથી જોઈતા. મને ફકત જમવાનું જ આપજો. સ્ત્રી કહે, ઘર બરાબર સાફ કરજે. મગન ઘરની સફાઈ કરવા લાગે. સ્ત્રીને વિચાર આવ્યો કે છોકરો ભૂખ્યો લાગે છે. તો પહેલા જમાડી દઉં. તે સ્ત્રીએ તેને બોલાવીને કહ્યું કે, પહેલા તું જમી લે,પછી કામ કરજે. પરંતુ મગને ના કહીને કહ્યું કે, માસી હું પહેલા કામ કરી લઉં પછી જ તમે મને જમવાનું આપજો. ઠીક તેમ કહીને સ્ત્રી પોતાના કામમાં લાગી ગઈ. બે કલાકમાં મગને ઘરની અવ્યવસ્થિત વસ્તુઓ ગોઠવીને ઘર સારી રીતે સાફ કરી

**હૃદયથી નમવું જરૂરી છે, ખાલી નમાવવાથી ભગવાન નથી મળતા.**

દીધું. પછી માસીને બોલાવી કહયું કે, જોઈ લ્યો. સફાઈ જોઈને સ્ત્રી રાજી થઈને કહયું કે, તું હાથપગ ધોઈ લે, તારા માટે જમવાનું લઈ આવું છું. તે સ્ત્રી જમવાનું લઈ આવી. કહયું કે, જમી લે. મગન પોતે લાવેલ થેલીમાં જમવાની વસ્તુ તે ભરી રહયો હતો તે જોઈને સ્ત્રીએ કહયું કે, તું ભૂખ્યો થયો હોઈશ. તું અહીં જમી લે. વધારે જોઈતું હશે તો હું તને આપીશ. ત્યારે મગન રડવા લાગ્યો અને કહેવા લાગ્યો, નહીં માસી મારી મા ઘરે બિમાર છે. તેને સરકારી હોસ્પિટલમાંથી સારવાર અને દવા મળી ગઈ છે, પરંતુ ડોકટરએ કહયું કે ખાલી પેટે દવા ન લેવી એટલે તેના માટે જમવાનું લઈ જાવ છું. આ સાંભળીને સ્ત્રી પણ રડી પડી અને કહયું કે, તારૂં નામ શું છે ? ત્યારે તેણે કહયું કે, મારૂં નામ મગન છે. તે સ્ત્રી મનોમન બોલી કે મારે પણ તારા જેવો વ્હાલસોયો દીકરો હોત તો. તે એમ બોલીને ફરી પાછી રડી પડી. પછી પોતાની હાથે બાળકની માતાની જેમ મગનના માથે હાથ ફેરવીને ખવડાવ્યું. તેની બિમાર માતા માટે જમવાનું લઈને તે મગનની સાથે ગઈ. તેની માતાને કહયું કે, બહેન તમે ગરીબ નહીં, પરંતુ સંસ્કારી ગર્ભ શ્રીમંત છો. સંસ્કારી મિલકત તમે મગનને વારસામાં આપી છે. અને મગનની માને ખવડાવવા લાગી. જમ્યાં પછી મગનની માને લોહીની ઉલ્ટી થતાં તે મૃત્યુ પામી. મગન અને સ્ત્રી રડવા લાગ્યા. સાથે આવેલ સ્ત્રીને કોઈ બાળક ન હતું એટલે મગનને કહયું કે, મારું નામ લક્ષ્મી છે. તું મારી ઘરે આવ. હું તારી માતા જ છું. માતાની ક્રિયાકાંડ કરીને તે લક્ષ્મીનો દીકરો બની ગયો અને નિતિમતાથી કામ કરવા લાગ્યો. મગન મોટો થતા લક્ષ્મી એ તેને પરણાવીને ઘરનો વહીવટ આપી આનંદથી રહેવા લાગ્યા. આ બાજુ છગનના માતા પિતા મૃત્યુ પામતા બાપના લાંચરૂશ્વતના રૂપિયા છગને અનિતિના માર્ગે વાપરી નાખ્યા, ભટકતો થઈ ગયો અને દયનીય હાલત થઈ ગઈ. ઘરે ભીખ માંગતા એક દિવસ મગનના બંગલે ચડી આવ્યો અને દરવાજો ખટખટાવ્યો તો મગન રોટલો દેવા બહાર આવ્યો અને બંનેની આંખો મળી આ બંને એકબીજાને જોઈને છગન રડવા લાગ્યો. મગને છગનના આંસુ લુછી પોતાના ઘરે લઈ જઈને જમાડયો પછી છગન પસ્તાવો કરવા લાગ્યો. મગનને બધી વાત કરીને અફસોસ કરવા લાગ્યો. પછી મગને તેને સારા કપડા પહેરાવીને પોતાના ધંધામાં નોકરીએ રાખ્યો. આવી રીતે બચપણના પાછા ભેરૂબંધ મિત્રો બની ગયા અને મગનને ત્યાં કામ કરવા લાગ્યો. એટલે તો કહેવાય છે કે ભણતર કરતા સંસ્કાર ઉંચી ચીજ છે. તો તમે તમારા બાળકોને બચપણમાં સંસ્કારનું સિંચન કરજો. કુમળો છોડ જેમ વાળવો હોય તેમ વળશે. નહીંતર છગન જેવા હાલ થશે. મા બાપ બાળકને સંસ્કાર આપવા જોઈએ.

સાભાર : સાધના

**સુંદર હોવું જરૂરી નથી, કોઈ માટે જરૂરી હોવું એ સુંદર છે.**

## સ્ટાફ મીટીંગ

તા. ૭/૯/૧૯ના રોજ શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર અને હરિરાજ ચેરીટેબલ ટ્રસ્ટ બંને સંસ્થાની સ્ટાફ મીટીંગ મળી હતી. સંસ્થામાં ચાલતા પ્રોજેક્ટ પર પ્રેઝનટેશનમાં પ્રોજેક્ટના કામ તથા ઓફિસ પરનું મોનીંટરીંગ, પ્રોજેક્ટના ઉદેશ્યો રજુ કરવામાં આવ્યા હતા. એગ્રીકલ્ચર પર ચાલતા ચાર પ્રોડયુસર યુનીટ, લર્નીગ એન્ડ માઈગ્રેશન પ્રોગ્રામ યુવાનોમાં જેન્ડરની સમજ માટેનું પાયલોટીંગ અને અને લર્નીગ ઈનરીચમેન્ટ પ્રોગ્રામ વગેરે કાર્યો પર પ્રેઝનટેશન કરવામાં આવ્યું હતું. હાલમાં ચાઈલ્ડ લાઈન પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો હતો જેમાં ચાઈલ્ડલાઈનમાં કરવામાં આવતા કામો તથા હેલ્પ લાઈન કેવી રીતે બાળકોની મદદ કરે છે તેનાં વિશે જણાવવામાં આવ્યું હતું.

મોનીટરીંગ સીસ્ટમમાં અઠવાડીક મીટીંગ (પ્રોજેક્ટ/ઓફિસ) પર કરવાનું કાર્ય સમયસર થઈ રહયું છે તે ચકાસવામાં આવ્યું. જેમાં સ્ટાફના કામનું મોનીટરીંગ થાય છે. દરેક સ્ટાફના માસીક અહેવાલ શેર કરે છે. ત્યારબાદ સંસ્થાનું સ્વોટ એનાલીસીસ (તાકાત, નબળાઈ, તક અને ડર) એકટીવીટી કરવામાં આવી. જેમાં ઉદેશ્યો, ઘટકો અને સહભાગિતાથી ટીમને માહિતગાર કરવામાં આવ્યા.

કાર્ય આયોજન (૨૦૧૯–૨૦) નીચે મુજબ કરવામાં આવ્યું.



પૈસાને હંમેશા ખીસ્સામાં જ રાખજો, મગજમાં નહિ.

૧) જેન્ડર અને અધિકારોઃ માનવ અધિકાર પખવાડિયાની ઉજવણી, જેન્ડરની સમજ માટે મીટીંગ કે વકતવ્ય અને મહિલા ન્યાય સમિતી સાથે સંકલન, માર્ગદર્શન, સમીક્ષા, આયોજન અને કાયદાકીય તાલીમો વગેરે.

૨) તાલીમ અને શિક્ષણ : ખેડૂતોની તાલીમો અને સ્ટાફની તાલીમો.

૩) તંદુરસ્ત સમાજ અને પર્યાવરણઃ બાગાયતી પાકો અને બોર્ડર પ્લાંટેશનને પ્રોત્સાહન, એલજી તથા સ્વસહાય જુથો સાથે આરોગ્યલક્ષી મીટીંગો અને એલજી, પાણીસમિતીઓ તથા સ્વસહાય જુથો સાથે આરોગ્યલક્ષી મીટીંગો.

૪) કૃષિ ઉત્પાદકતા વૃદ્ધિ અને આપતિજન્ય જોખમો : વૈવિધ્યતાસભર ખેતી પધ્ધતિ વાળા કાર્યની અસર માપવી, આપતિજન્ય જોખમો માટે જાગૃતિ કાર્યક્રમો અને ખાંભા, ધારી, ઉના અને જાફરાબાદ તાલુકામાં બનેલા ખેડૂત સંગઠનોની કામગીરીનું સંકલન (હિસાબો, કોમ્પ્લાયન્સ અને બીઝનેશ) વગેરે.

૫) સંશોધન અને દસ્તાવેજીકરણઃ ટપક પ્રકાશન, વાર્ષિક અહેવાલ, સંસ્થા, પ્રોજેકટ અને પ્રોગ્રામની માહિતી આપતી પત્રિકા તથા કોન્ટેકટ ડીરેકટરી બનાવવી, બેનર,ફલેક્ષ, તાલીમ મોડયુલ, સંસ્થાનું પ્રેઝન્ટેશન વગેરે.

૬) દેખરેખ અને મુલ્યાંકન : પોલીસી મુજબ રચાયેલી સમિતિઓ, કોરગૃપ, કારોબારી, ટીમ મીટીંગ તથા વાર્ષિક મિલન અને સાધારણ સભા, હિસાબો, ઓડીટ, કેશ ફલો, બજેટ, ફંડ ફલો, આઉટ વર્ડ–ઈનવર્ડ, ફાઈલ રજીસ્ટરો (રેકર્ડ) અદ્યતન રાખવા.



**છોડવા જેવું કંઈ હોય તો બીજાને નીચા દેખાડવાનું છોડી દો.**

## બાળ સુરક્ષા સંદર્ભે ચાઈલ્ડ લાઈન ૧૦૯૮......

ફકત વયસ્કો, પ્રૌઢોને જ નહીં, પરંતુ બાળકોને પણ તેના અધિકારોની રક્ષા માટે કાનૂની જોગવાઈ છે. આ અધિકાર તેમને મફત અને ફરજિયાત શિક્ષણ અને સુરક્ષા આપવા એક સારા નાગરિક બનાવવામાં મદદરૂપ બને છે. બાળકોને જુદા જુદા સામાજીક આર્થિક મુશ્કેલીઓના કારણે સમયથી પહેલા જીવન જીવવા માટે મજૂરી કામ કરવા પડે છે. પરિસ્થિતિમાં તેના રક્ષણ માટે બાળમજુરી નાબૂદી અધિનિયમન ૧૯૮૬ના દ્વારા રક્ષણ પુરૂ પાડવામાં આવે છે. બાળયૌન શોષણને પણ રોકવા માટે કાયદાની જોગવાઈ ઉપલબ્ધ છે.

આજનો બાળક એ ભારતનું ભાવિ છે. બાળકોનો સર્વાંગી વિકાસ એ સભ્ય અને વિકસીત સમાજનું આગવું લક્ષણ છે. બાળકોના વિકાસ માટે શિક્ષણ એ પાયાની બાબત છે. બાળમજુરી નાબૂદી વગર બાળ શિક્ષણની કલ્પના સાકાર થઈ શકે નહિ. માટે ચાલો આપણે સૌ આપણા કાર્ય વિસ્તારને 'બાળ મજૂર મુકત' બનાવીએ.

બાળક અને તરૂણ મજુરના અધિકારો પ્રત્યે અન્યાય થઈ રહયો હોય અને આવા બાળકોને તાત્કાલિક સુવિધા મળી રહે તે માટે અમરેલી જીલ્લામાં તા. ૧૪ ઓગસ્ટ થી ચાઈલ્ડ હેલ્પ લાઈનનો પ્રારંભ શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રમાં કરવામાં આવ્યો છે. કેન્દ્ર સરકાર



**આદર બધાને આપો પણ આત્મા કોઈ એકને જ આપો.**

દ્વારા ૧૪ વર્ષથી નાની ઉંમરના બાળકોને અન્યાય થતો હોય, બાળક બીમાર હોય, એકલો હોય, કાળજી રાખનાર કોઈ ન હોય, બાળકને આશરાની જરૂર હોય, બાળક ત્યજી દેવામાં આવ્યું હોય, શોષણ થતું હોય, અપહરણ, મારપીટ થઈ હોય, બાળકનાં વિકાસમાં માનસીક અને સામાજીક પ્રશ્નો હોય તેવા તમામ પ્રશ્નો અંગે ઈમરજન્સી ફોન હેલ્પલાઈન નંબર ૧૦૯૮ નો શુભ આરંભ થયો છે. આ ઉપરાંત ૧૪ વર્ષથી ૧૮ વર્ષની ઉંમર સુધીના તરૂણોને જોખમી વ્યવસાયો અને પ્રક્રિયાઓમાં કામ કરવા પર પ્રતિબંધ થકી બાળક કે તરૂણને કામે રાખનાર માલીકને છ મહિનાથી લઈને ૨ વર્ષ સુધીની જેલની સજા અથવા ૨૦ હજાર થી લઈને ૫૦ હજાર સુધીનો દંડ કરવામાં આવે છે. બાળકને ધંધાદારી હેતુથી કામ કરાવતા માતા પિતાને પણ સજા કરવામાં આવે જેમાં ૧૦ હજાર સુધીનાં દંડની જોગવાઈ કરવામાં આવી છે. કેન્દ્ર સરકારનાં મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, ચાઈલ્ડ લાઈન ઈન્ડીયા ફાઉન્ડેશનના સહયોગમાં આ સેવાઓ દેશનાં ૨૫૪ શહેરોમાં કાર્યરત છે. આમ, ૧૦૯૮ ઉપર ફોન કરો એટલે તુરંત ચાઈલ્ઈ લાઈનની ટીમના કાર્યકરો તરત જ બાળકોની સેવામાં હાજર થઈ જશે.



**નિષ્ફળતા મળે તો હિમંત રાખવી, સફળતા મળે તો વિનમ્રતા રાખવી.**

## Happy Birthday

| | |
|---|---|
| Bhanu Chavda | 16.10.1998 |
| Manali Pitroda | 17.10.1995 |
| Bipinbhai Joshi | 19.10.1954 |
| Hardik Bhevaliya | 21.10.1988 |
| Ashaben Garach | 26.10.1985 |

## In this month

| | |
|---|---|
| 3 | Monthly review metting of LAMP at Ahmedabad. |
| 3 | VNKC (groundnut processing unit-Dholka) visited 3 FPO members. |
| 3-5 | Evaluation process in SSKK (field visit and collect information of opereting system by external evalutor.) |
| 7 | Quarterly team meeting of SSKK & HCT. |
| 13-14 | Data driven impect measurement workshop with Toolbox. |
| 14 | Workshop on FCRA & ITR update at Janpath |
| 16 | AGM of GUJPRO. |
| 16-18 | 2PCC of INGJ46 |
| 17 | Teliconference with Childline India Foundation. |
| 23 | MIS workshop at CSPC. |
| 23 | Online self assesment of all PUs. |
| 27 | Orientation workshop for FPOs & POPIs. |

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

Post Reg. No. Amreli/091/2018-20
Valid Upto 31/12/2020

RNI No. GUJGUJ/1999/01521
Date Of Issue 1st of month

Book -Post, Printed Matter

**ટપક કાર્યાલય :**
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**આપણા જીવન કરતા સંસ્કૃતિ મહત્વની છે.**